# આમદે રમઝાન, રબની રેહમતનો સામાન

રમઝાન ! અલ્લાહના મહીના, રેહમત-મગફેરત-શફાઅત ના મહીના, ગુનાહોથી પરહેઝ-નજાત-છુટકારાના મહીના, સવાબ અને નૈકીથી દામનને ભરી લેવાના મહીના, કારે ખૈર અને કારે નૈક કરવાના મહીના, ખુદા-પંજતન પાક (અ.સ.) ને રાઝી કરવાના મહીના, આઅમાલે સાલેહાતથી દિલો ઝમીરની નાપાકી, ગંદકી અને કુદૂરતને દૂર કરવાના મહીના, ઈસ્લામી શરીઅત અને કુરઆની અહકામ મુજબ ઝિંદગીને ઢાલવાના મહીના, સબર અને શુક્રના મહીના, અલ્લાહના મેહમાન બનવાના મહીના, **રોઝદાર થઇ દિલપિઝીર ઇન્આમોના હક્કદાર થાવાના મહીના,** ખમ્સતુલ અત્હાર (અ.સ.) ની સોહબત-કુરબત ઈખ્તિયાર કરવાના મહીના, રૌઝે મેહશરમાં ઈઝઝત સાથે સુર્ખરૂઈથી સર ઉઠાવીને હમેશગી ની ઝિંદગી ગુઝારવાના મહીના, જિસ્મ-જાન-માલને પાક કરવાના મહીના, એક ફરઝના એવઝમાં સિત્તેર ફરઝનો સવાબ હાસિલ કરવાના મહીના, હરામ અને બુરા કામોથી ઢાલ બનાવવાના મહીના, મિસ્કીનો-મોહતાજો-બેકસોને ઈમ્દાદ કરી ચૈનો સુકૂન બખ્શવાના મહીના, ફૈયાઝ દિલીથી "**આપીને**" જન્નતમાં મકામ બનાવવાના મહીના, નમાઝ પઢવાને સાથે રૂકને ખુસૂસી ઝકાતુલ ફિત્રને સાહબે દાઅવતને અદા કરવાના મહીના, જિસ્મના તમામ આઅઝાને અલ્લાહની બંદગીમાં ઝુકાવવાના મહીના, "ખુદા બંદેસે ખુદ પૂછે, બતા તેરી રઝા ક્યા હૈ" નો શેઅર અલ્લાહ તરફ મન્સૂબ કરવાના મહીના, ઈન્શોર્ટ માઁ ના શિકમમાંથી પૈદા-તવલ્લુદ થાનાર **બેગુનાહ-માઅસૂમ** બચ્ચાની માઅસૂમીયતનો લિબાસ પહેરવાના મહીના.

**" ઈશ્ક હરદમ એક ઉસકા ચાહીયે,**
**વો હમેં ચાહે તો ફિર ક્યા ચાહીયે. "**

ખુદાની નવાઝિશ, મહેરબાની, અલ્તાફ, કરમ એના પર થાય છે જે ખુદાના ઈઝઝતમઆબ મહીનામાં લગ્વ, ફહેશકારી અને બુરાઇથી પોતાને બચાવે છે. તમામ નફસાની બીમારીઓની જડ-માઁ "**ગીબત**" છે. જેમને "સીધી લાઇન" ના બનવું હશે યા કહેવડાવવું હશે તો આ લાઈલાજ બીમારી ની દવા આ માહે મુબારકની પહેલી તારીખ થી જ પીવી પડશે. પોતે કેટલો સાચો છે એ બોલનાર અને કહેનાર સિવાય તમામ દુનિયાના લોગો ઐબદાર છે, એ સોચ ને મિટાવવી પડશે. પારકાની ગલતીની ઝિક્ર અપની જીભ પર લગાડતા પહેલા ખુદના દામન-ગરેબાનમાં રહેલા ઐબને જોવા પડશે. ઉમ્દા ખયાલાતની આપ લે કરવી, બીજાને વાસ્તે કઇ કરી ગુઝરવાની તમન્ના રાખવી, હસ્બે હૈસીયત મદદ વાસ્તે દસ્ત દરાઝી કરવી, કૌમ-મિલ્લત-સમાજની તરક્કી તથા ઈઝઝત વાસ્તે નેક મન્સૂબાને લઇ ઉઠવા, હર વક્ત મુસ્તકબિલને રોશન બનાવવાની તદબીર કરવી અને અલ્લાહતઆલા જે સીરત અને ખસલતથી રઝામંદ હોય તે મુજબ કરવાથી; વાઘ ની માસી જેમ બિલાડી તેમ તમામ રોગોની માસી ગીબત ને પોતાને માં ઘર કરવાના તમામ રસ્તાઓ બંધ થઇ જાશે અને આથી પલીદ-ઈબલીસ-શૈતાન નદામત અને અફસોસથી ખુદાના નૈક બંદાઓને જોઇને જહન્નમની આગમાં ગરકાવ થઇ જાશે. કચરાનો ઢગલો ગીબત છે અને ફૂલોનો ગુલદસ્તો રેહમત છે. હમને આ બરકતવાલા મહીનામાં આઁખ, કાન, ઝબાનને કાબૂમાં રાખીને, રેહમાની બની જન્નતી હોવાનો શરફ પામવાનો છે. તો શુરૂ કરતેં હૈં કૌન બનાએગા જન્નતી ? ........

હર બાર, હર સાલ, હર પલ........
હર ઘડી, હર લમ્હા, હર ઝમાના.......
હર રમઝાન......★